મે. ભરુચ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ.

મુ કા મ : ભ રુ ચ.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગ્રાહક તકરાર અરજી નં. ૪૪/૨૦૧૩.

:: ફ રી યા દી ::

ગૌરીશંકર બાલુભાઈ પંડયા.
રહેવાસી : આમલીપુરા, વણકરવાસ.
મુ. આમોદ. તા. આમોદ. જી. ભરુચ.

:: વિ રુ ધ્ધ ::

:: સા મા વા ળા ::

શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લી.
રહેવાસી : ૨૧૪ થી ૨૧૮, બીજો માળ.
આદીત્ય કોમ્પલેક્ષ, કસક સર્કલ પાસે.
ભ રુ ચ.-૩૯૨૦૦૨.

વિષય :: ગ્રાહક સુરક્ષા ધારા ૧૯૮૬ ની કલમ: ૧૨ હેઠળ...

:: ફો ર મ ::

(૧) શ્રી જે. એન. બ્રહ્મભટ્ટ. પ્રમુખશ્રી,

(૨) શ્રીમતિ, કવિતાબેન વી. મોદી. સભ્યશ્રી,

(૩) શ્રીમતિ, બકુલાબેન બી. પટેલ. સભ્યશ્રી,

ફરીયાદીના વિદ્વાન એડવોકેટ શ્રી સંદિપ એમ. જુવાલા.
સામાવાળાના વિદ્વાન એડવોકેટ શ્રી કુણાલ એન. ચાવડા.

---

## :: ચુ કા દો ::

(૧) ફરીયાદીએ સામાવાળા પાસેથી પોતાના વાહન સામે લોન મેળવેલી. અને લોન બાબતે તકરાર હોવાથી ફરીયાદી ગ્રાહકની વ્યાખ્યામા આવતા હોય, હાલની ફરીયાદ દાખલ કરેલી, અને સામાવાળા ફાઈનાન્સ કંપનીએ સેવામા ખામી તથા અયોગ્ય વેપારી રીત-રસમ આચરેલી છે. તેવો આક્ષેપ કરેલો છે.

(૨) ફરીયાદી તેમની ફરીયાદમા જણાવે છે કે, સામાવાળા ફાઈનાન્સના ધંધામા છે. અને લાંબા તથા ટુંકા ગાળાની લોન આપે છે. ફરીયાદીએ પોતાનું વાહન છોટા હાથી જેનો રજીસ્ટ્રેશન નંબર: જીજે-૧-એ વાય,૭૧૭૧ હતો. તે વાહન સામે રૂા.૧,૪૦,૦૦૦/- ( અંકે રુપીયા એક લાખ ચાલીસહજાર પુરા) નો લોન લીધેલી. અને ડાઉન પેમેન્ટ તરીકે રૂા.૫૦,૦૦૦/- ( અંકે રુપીયા પચાસહજાર પુરા) જમા કરાવેલા. ફરીયાદી જણાવે છે કે, માસીક રૂા.૪૭૫૦/- ( અંકે રુપીયા : ચારહજાર સાતસો પચાસ પુરા) ના કુલ (૪૮) અડતાલીસ હપ્તા ભરવાના હતા. અને તે નિયમીત રીતે ભરતા હતા. ફરીયાદીને અચાનક હ્રદયરોગનો હુમલો થતા તે ડ્રાયવીંગ કરી શકે તેમ ન હતા. જેથી તા. ૦૭/૦૪/૨૦૧૨ ના રોજ, પોતાના વાહનનો કબજો સામાવાળાને સોંપી દીધેલો. અને સામાવાળાના અધિકૃત વ્યકિતએ જણાવેલ કે, ફરીયાદીને હવે લોનના નાણા ભરવાનો જરુર નથી. તેમણે એમ પણ જણાવેલ કે, વાહનનું વેચાણ કરાવી લોનની રકમ જમા લીધા બાદ, વધતી રકમ ફરીયાદીને પરત કરવામા આવશે. તેમ છતાં ફરીયાદીને સામાવાળાએ

તા. ૦૫/૦૨/૨૦૧૩ ના રોજ, નોટીસ આપેલી. અને નાણાંની ઉઘરાણી કરી, તા. ૦૮/૧૨/૨૦૧૩ ના રોજ, ફરી વાર બીજી નોટીસ આપી, રૂા.૫૨૦૮૨/- ( અંકે રુપીયા બાવનહજાર બ્યાસી પુરા) ની માંગણી કરેલી. ફરીયાદી વધુમા જણાવે છે કે, ફરીયાદીની કોઈ જવાબદારી ન હોવા છતાં, કોઈ પણ હિસાબે ગેરકાયદેસર રીતે નાણા વસુલ કરવા સામાવાળા કાર્યવાહી કરી રહેલા છે. હકીકતમા ફરીયાદી સામાવાળા પાસેથી રૂા.૮૯,૫૪૦/- ( અંકે રુપીયા નેવ્યાસી-હજાર પાંચસો ચાલીસ પુરા) વસુલ મેળવવા હકકદાર છે. અને તે માટે તેમણે વિગતવાર ગણતરી તેમની માન્યતા મુજબ કરેલી છે. અને આ ફરીયાદ દ્વારા તેઓ સામાવાળા પાસેથી રૂા.૮૯,૫૪૦/- ( અંકે રુપીયા નેવ્યાસીહજાર પાચસો-ચાલીસ પુરા) વ્યાજ સાથે મેળવવાની દાદ માગે છે. તથા રૂા.૫૦,૦૦૦/- ( અંકે રુપીયા પચાસહજાર પુરા) માનસીક ત્રાસ,આઘાતના તથા નોટીસ દ્વારા સામાવાળાએ માગેલી રકમ રૂા.૫૨,૦૮૨/- ( અંકે રુપીયા બાવનહજાર બ્યાસી-પુરા) મેળવવા હકકદાર નહિ હોવાથી, તે પ્રમાણે હુકમ મેળતવાનો દાદ માંગી છે. ફરીયાદીએ ફરીયાદ તા. ૦૧/૦૪/૨૦૧૩ ના રોજ, ફોરમમા દાખલ કરેલ છે.

(૩) સામાવાળાને નોટીસની બજવણી થતા સામાવાળા તર્ફે વિ. એડવોકેટ શ્રી કે. એન. ચાવડા હાજર થયેલ છે.

(૪) સામાવાળાએ તા. ૨૧/૧૦/૨૦૧૩ ના રોજ, જવાબ રજુ કરેલ છે. અને ફરીયાદીની હકીકતોને પડકારેલ છે. તેઓ જણાવે છે કે, ફરીયાદી ગ્રાહકની વ્યાખ્યામા આવતા નથી. તેઓ વધુ જણાવી ગયા છે કે, હાલની અરજી કાયદેસર રીતે દાખલ થવા પાત્ર નથી. તેઓ મુખ્યત્વે એવી તકરાર લે છે કે, ફરીયાદી

લોનના હપ્તા ચુકવવામા અનિયમીત હતા. ફરીયાદીએ સ્વૈચ્છીક રીતે વાહનનો કબજો સામાવાળાને સુપરત કરેલો છે. લોન એગ્રીમેન્ટ મુજબ, બન્ને પક્ષકારોની તકરાર નિવેડો લવાદ દ્વારા લાવવા સમજુતી થયેલ. તેથી શ્રી આર.જી.ચૌધરી તરફથી લવાદનો ચુકાદો રજુ કરવામા આવેલ છે. તે મુજબ, ફરીયાદી પાસેથી સામાવાળાને રૂા.૫૨,૦૮૨/- ( અંકે રુપીયા બાવનહજાર બ્યાસી પુરા) લેવાના નીકળે છે. તેઓ વધુમા જણાવી ગયા છે કે, કરાર મુજબ,ની જવાબદારી લવાદ દ્વારા નક્કી થયેલી હોવાથી, અને તકરાર સાંભળવા લવાદનો જોગવાઈ હોય, આ ફોરમને હકુમત પહોંચતી નથી. જેથી તેઓ ખર્ચ સાથે અરજી રદ કરવા માંગણી કરેલી છે.

(૫) ફરીયાદીએ આ કામે વાહનની વિમા પોલીસી રજુ કરી છે. તે ઉપરાંત ઈન્વેન્ટરી રીપોર્ટ, તથા તા. ૦૫/૦૨/૨૦૧૨ નો નોટીસ, તથા તારીખ : ૦૮/૦૩/૨૦૧૨ ની નોટીસ વિગેરે રજુ કરેલ છે. વળી તેમણે રૂા.૧,૫૧,૫૪૦/- ( અંકે રુપીયા એક લાખ એકાવનહજાર પાંચસો ચાલીસ પુરા) ભરેલા હોવાનું સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. સામાવાળા પક્ષે હાઈપોથીકેશન એગ્રીમેન્ટ રજુ કરેલ છે. જે બંન્ને પક્ષકારોને બંધનકર્તા છે. જે એગ્રીમેન્ટ કોલમ-૧૫ ઉપર લવાદની નિમણુક બાબતે જોગવાઈ કરવામા આવી છે. વળી, આ કામે હાઈપોથીકેશન સાથે ફરી-યાદીએ કરેલ કાગળો રજુ કરેલા છે. તેવી જ રીતે આર.જી. ચૌધરીએ આપેલ એવોર્ડ રજુ કરેલ છે. ફરીયાદીએ કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે.

(૬) ફરીયાદી તર્ફે વિદ્વાન એડવોકેટ શ્રી સંદિપ જગુવાલાને સાંભળવામા આવેલા છે. સામાવાળા પક્ષે વિ. એડવોકેટ શ્રી કે. એન. ચાવડાની રજુઆત સાંભળેલ છે.

(૭) ફરીયાદ વચાણે લેવામા આવે તો, ફરીયાદીએ સામાવાળા પાસેથી લોન લીધેલી છે. અને તે સબંધિ હિસાબ સંબંધી પુરાવા રજુ કરવાના હોય છે. અને કેટલી રકમ ભરપાઈ કરી, અને કેટલી લેણી પડે છે. તથા કેટલી રકમ વ્યાજ પેટે થાય છે તે ગણતરીનો પ્રશ્ન હોય, આ નિર્ણય આ ફોરમમા થઈ શકે નહિ. તેમ હુ સ્પષ્ટ માનુ છુ.વળી જયારે હિસાબ સંબંધી તકરાર હોય, ત્યારે પુરાવા લીધા સીવાય લેવામા ખામી અગર અયોગ્ય વેપારી રીત-રસમ અપનાવી છે તેવા તારણ ઉપર આવી શકાય નહિ.તેથી પણ ફરીયાદ ચાલવાપાત્ર નથી.

(૮) લોન એગ્રીમેન્ટ ધ્યાને લેતા, લવાદની જોગવાઈ માટે સમર્જુતિ સાધવામા આવી છે. તેથી તકરારના અસરકારક નિર્ણય માટે લવાદની કાર્યવાહી યોગ્ય અને એક માત્ર વિકલ્પ છે. તકરારની પતાવટ લવાદ દ્વારા થઈ છે. ત્યારે લવાદના હુકમથી વિસંગતાનો કોઈ પણ નિર્ણય આ ફોરમ દ્વારા લઈ શકાય નહિ. તેથી પણ ફરીયાદ ચાલવાપાત્ર નથી.

(૯) આ કામે સામાવાળાએ એક પત્ર તા.૧૪/૧૨/૨૦૧૭ ના રોજ, રજુ કરેલો છે. તે દ્વારા ફરીયાદી દ્વારા રકમની ચુકવણી કરી દેવામા આવેલ છે તેવુ જાહેર કરેલ છે. અને ફરીયાદીએ કોઈ રકમ ચુકવવાની બાકી નથી,તેવી સ્પષ્ટતા કરવામા આવી છે.તે હકીકત ધ્યાને લેવામા આવે છે. આમ, હવે ફરીયાદી દ્વારા કોઈ રકમ ચુકવવાપાત્ર રહેતો નથી.

ઉપર મુજબની ચર્ચા તેમજ સંજોગો ધ્યાનમા લઈ, આખરે નીચે પ્રમાણે હુકમ ફરમાવવામા આવે છે.

::: હુ ક મ :::

(૧) ફરીયાદી ગૌરીશંકર બાલુભાઈ પડયાની ફરીયાદ નં. ૪૪/૨૦૧૩, આથી રદ કરવામા આવે છે.

(૨) ખર્ચ અંગે હુકમ નથી.

ઉપર મુજબનો ચુકાદો આજરોજ, તારીખ : ૧ લી ( પહેલી ) માહે જાન્યુઆરી, સને ૨૦૧૮ ના રોજ, ખુલ્લી ફોરમમા વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

( જે. એન. બ્રહ્મભટ્ટ.)

પ્રમુખ.

જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ.

ભરુચ.

તા. ૦૧/૦૧/૨૦૧૮.

સ્થળ : ભ રુ ચ.

સભ્યશ્રીઓ :-

(૧) ( શ્રીમતિ, કવિતાબેન વી. મોદી.)
સભ્ય.
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ.
ભરુચ.

(૨) શ્રીમતિ, બકુલાબેન બી. પટેલ.
સભ્ય.
જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ. ભ રુ ચ.